**<u>વડોદરાના બીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.</u>**

ક્રિમિનલ કેસ નં.૩૭૦૩૮/૨૦૨૬
આંક–

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી: પ્રથમ સ/ઓ નિકેતભાઇ ગજજર

**ગુન્હો :– પ્રોહિ. એકટ કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટ કલમ–૧૮૫ મુજબ.**

**–:: આંક–૧ લગત હુકમ ::–**

ફરિયાદપક્ષના કેસની આંક–૧ અન્વયેની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે **પ્રોહિ. એકટ કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટ કલમ–૧૮૫** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઇન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ તેની સામેના ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી. તેમ છતાં આરોપી સદર ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છિક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપિત **પ્રોહિ. એકટ કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટ કલમ–૧૮૫** મુજબના ગુન્હા તકસીરવાન ઠરાવવામાં આવે છે તેમજ આરોપીની દયાની માંગણીને ધ્યાને લેતાં રહેમ દ્રષ્ટિ રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ મુજબ **પ્રોહિ. એકટ કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટ કલમ–૧૮૫** મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી, રૂ.૨૧૦૦/– (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) ના દંડની શિક્ષા કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો ૧(એક) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ અંગે જો અગાઉ કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદામાલની માલિકીની ખરાઇ કરી તેના મુળ માલિકને સુપરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન અપીલ સમય પુરતા ચાલુ રાખવા.

હુકમ આજરોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
વડોદરા.

**(સૌમ્યા રાય)**
બીજા એડી. જયુડી. મેજી.ફ.ક.,વડોદરા.
જજ કોડ – જીજે ૦૧૬૩૦